## (૧૦) ટ્રેક નં. ૯ :
## અનુભૂતિ સ્વરૂપ આત્મા સદાય જણાઈ રહ્યો છે.

✿ અનુભૂતિ સ્વરૂપ આત્મા સદાય જણાઈ રહ્યો છે. તે કેવી રીતે? તે તો સદ્ગુરુદેવશ્રી જ સમજાવશે.

✿ માંગલિક

✿ ભક્તિ : આત્મા છું, આત્મા છું, આત્મા છું, આત્મા છું (૧૨)

✿ પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન છે જ દરેકને. પણ તેની દૃષ્ટિ રાગ અને પર્યાય પર હોવાથી. (જણાતો નથી) કારણ કે જ્ઞાનની પર્યાય છે. તેનો સ્વભાવ જ સ્વ-પર પ્રકાશક છે. જ્ઞાનની જે પર્યાય છે અજ્ઞાનમાં પણ. એ પર્યાય છે એનો સ્વભાવ જ સ્વ-પર પ્રકાશક છે. તેથી જ્ઞાનની પર્યાય ભલે હીણી હોય, થોડી હો. એમાં આખુ દ્રવ્ય જણાય છે જ જ્ઞાનમાં. પણ અજ્ઞાનીની દૃષ્ટિ એ ઉપર નથી. દૃષ્ટિ ફક્ત પર્યાય ને રાગ ઉપર હોવાથી-પર્યાય જાણે છે છતાં તે જાણતો નથી.

✿ એ તો જ્ઞાનની પર્યાયનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ હોવાથી અજ્ઞાનીની પર્યાયમાં પણ ભગવાન વસ્તુ જે ત્રિકાળી છે તે જાણે છે. પર્યાય જાણે છે, ભલે એને અવ્યક્તપણે હો-કારણ કે વ્યક્તપણે તો ક્યારે કે જ્યારે અંતરદૃષ્ટિ પડે ત્યારે એને ખ્યાલ આવે. 'છે' તો જાણે તો છે.

✿ આબાળ-ગોપાળ-બાળકથી માંડીને વૃદ્ધ સબકો જ્ઞાનકી પર્યાયમેં દ્રવ્ય જાનનેમેં આતા હૈ. બાળ-આબાળ-ગોપાળ પાછો. 'આબાળ' નામ બાળકોથી માંડ કર ગોપાળ-વૃદ્ધ-સબકો જ્ઞાનકી પર્યાયમેં આત્મા જાનનેમેં આતા હૈ-ક્યોંકિ જ્ઞાનકી પર્યાય કા સ્વ-પર પ્રકાશક-પર્યાય ભલે હો, પણ સ્વ-પર પ્રકાશક સ્વભાવ હૈ.

✿ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ ઉસકા જ્ઞાન હોતા હૈ અજ્ઞાનીકો ભી.! અજ્ઞાનીકી જ્ઞાનકી પર્યાય ભી બાળગોપાળ-બાળકસે વૃદ્ધ હો, સ્ત્રી હો, પુરુષ હો, નપુંસક હો-ઉસકા આત્મા ઉસકી જ્ઞાનકી પર્યાયમેં, પર્યાયકા સ્વ-પર પ્રકાશક સ્વભાવ હોનેસે પર્યાયમેં ભગવાન હી ભાસતે હૈ-ભગવાન કા હી જ્ઞાન-પર્યાયમેં હોતા હૈ પણ અજ્ઞાની રાગ અને બંધને વશે-પરદ્રવ્યને વશે હોકર પર્યાયમેં સ્વદ્રવ્ય ભાસતા હૈ-ઉસકી બેદરકાર કરતા હૈ. પર્યાયમેં ભગવાન પૂર્ણાનંદ ભાસતે હૈ છતાં ઉસકી દૃષ્ટિ

પર્યાયમેં રાગ ઉપર હોનેસે ભાસતે હૈ વો નહીં ભાસતે હૈ ઉસકો, અકેલા પર-પ્રકાશક રહી ગયા દૃષ્ટિમેં. પર પ્રકાશકમેં સ્વ પ્રકાશક જાનનેમેં આયા એ રહા નહીં. પર્યાયકો અને શુભ-અશુભ રાગકો જાનનેમેં સ્વ-પર પ્રકાશક ન આયા, સ્વ-પ્રકાશક ન આયા, પર પ્રકાશક અકેલા આયા, જાનતે હૈ પર્યાય સ્વ ને પર પ્રકાશક ઐસા પર્યાયકા સ્વભાવમેં ઐસા હૈ, છતે સ્વ તરફકા લક્ષ નહીં વો કારણે એકલી પર-પ્રકાશક પર્યાયમેં અપના માનતે હૈ એ મિથ્યાત્વ હૈ.

✿ સદા-સર્વદા જાણનાર અને નહીં જાણનાર તે સદા સર્વદા ભિન્ન રહેતે હૈ.

✿ પર્યાય જ્ઞાનની એનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક એ પર્યાયનું સ્વરૂપ જ એટલું એવડું છે. એ પર્યાયની એટલી તાકાત છે, સ્વ-પર પ્રકાશક સ્વ આત્મા ભગવાન જ આખો જણાય છે. જાણવા છતાં તેના પર લક્ષ નથી એટલે જણાતો નથી. લક્ષ વર્તમાન પર્યાય અને રાગ ઉપર ને શુભરાગ ઉપર. વિકલ્પ ઉઠે તેના પર તેનું લક્ષ છે તેથી પર્યાયમાં સ્વ અને પરને જાણવાનો સ્વભાવ હોવા છતાં સ્વને જાણવા તરફનું લક્ષ નથી તેથી તે સ્વમાં જાણવાનું સમર્થ છે માટે સ્વ તરફ વળે તો સ્વને જાણી શકે. પર્યાયમાં સ્વને જાણવાનો સ્વભાવ છે ને જણાય છે તો એ પર્યાય આમ વાળે તો તે જણાય છે-જણાય છે તે જણાય જાય છે.

✿ જાણનારો ભગવાન આત્મા એ પોતાને જાણે છે ને રાગ આદિ પર છે એમ જાણે છે, એ જાણવાનો એનો સ્વભાવ છે.

✿ પ્રભુ! ભગવાન અંદર સતતમ્ સત્ વસ્તુ પડી છે ને? જ્ઞાન અને આનંદનો સાગર ભગવાન સતત નિરંતર. છે ને? છે તે પામવો તો સુલભ છે. કહે છે.

✿ 'જાણનાર' તે કદી 'નહીં જાણનાર' થતો નથી. દ્રવ્ય સ્વભાવ જે જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર-એ કદી નહીં જાણનાર થતો નથી. એટલે જાણનાર જે આત્મા અનાદિ અનંત, એ જાણનાર કદી અજાણ એટલે રાગ અને શરીર આદિ અજાણ થતો નથી. જાણનાર કદી નહીં જાણનાર થતો નથી. એ નહીં જાણનાર જે રાગાદિ એ રૂપે થતો નથી. શરીર તો જડ, માટી, ધૂળ છે. જાણનાર-'નહીં જાણનાર' શરીરરૂપે

થતો નથી. જાણનાર કર્મરૂપે થતો નથી. જાણનાર રાગના, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ વિકાર એ અજાણ છે તે રૂપે કદી થતો નથી.

✿ ચૈતન્યપ્રભુ! અંદર એકલો જાણવા દેખવાના સ્વભાવનો પિંડ પ્રભુ! અનાદિ અનંત, સદા સર્વદા પ્રભુ પડ્યો છે એવો જે ભગવાન આત્મા-જેને પર્યાયની વર્તમાન જ્ઞાનમાં જોકે વર્તમાન જ્ઞાનમાં દ્રવ્ય જણાય છે સતત. એ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં એનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ હોવાથી-અલ્પજ્ઞાનમાં પણ આખું દ્રવ્ય જણાય છે. અજ્ઞાનીના જ્ઞાનમાં પણ હોં! પણ એનું લક્ષ ત્યાં નથી-એથી જણાતો છતાં જાણતો નથી. આવો પ્રભુ છે. એ પર્યાયમાં સ્વદ્રવ્ય અને પર બધું જાણવાનો સ્વ-પર પ્રકાશક સ્વતઃ પોતાથી સ્વભાવ છે એવું જેને અંતરમાં પૂર્ણ અનંત ગુણોનો પિંડ પ્રભુ-એની પ્રભુતાની પર્યાયમાં ભાન થયું-એ પર્યાયમાં ભલે પ્રભુત્વ અનંત આવે નહી, પણ એ જેટલું એ પ્રભુત્વ છે જેવડું, એનું જ્ઞાન અહીં થાય.

✿ એ જ્ઞાનની પર્યાયમાં સદા-સર્વદા સૌને અનુભવમાં આવે છે. કહે છે, એ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ એવડો છે-ભલે તે પરલક્ષે જ્ઞાન હોય પણ એ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય જ એટલું છે. પરલક્ષીની જ્ઞાન વખતે પણ એ પર્યાય દ્રવ્યને જાણે છે એવો જ એનો સ્વભાવ છે. સદા-સર્વદા -સૌને-આબાળ-ગોપાળને બાળકથી માંડીને વૃદ્ધને એની પર્યાયમાં સ્વ-પ્રકાશક હોવાથી તે સ્વ અનુભવમાં આવે છે. છતાં તેનું ત્યાં લક્ષ નથી તેથી તે અનુભવમાં આવે છે એ પણ આવતો નથી. (જણાતો નથી)

✿ રાગ વિનાની જ્ઞાનની જે પર્યાય છે-ભલે રાગ હોય તે કાળે-તે જ્ઞાનની પર્યાયમાં તેનો સ્વભાવ છે સ્વ-પર પ્રકાશક માટે સ્વદ્રવ્ય તો જ્ઞાનમાં જણાઈ શકે છે. પણ તેનું લક્ષ ત્યાં દ્રવ્ય ઉપર નથી.

✿ પર્યાયમાં દ્રવ્ય તારું આખું જણાય છે. આબાળ-ગોપાળ બધાંને. એનું લક્ષ પર્યાય તેને જાણે છે તેના ઉપર નથી લક્ષ. પર્યાયનું લક્ષ પર્યાય પર છે. તેથી પર્યાયમાં જણાવા છતાં તેને જાણવામાં આવતો નથી.

✿ વસ્તુ જે આત્મા અનાદિ અનંત એ જ્ઞાન જેનો સ્વભાવ. વસ્તુ સ્વભાવવાન તેનો જ્ઞાન સ્વભાવ. જાણવું તે એનો સ્વભાવ છે.
(પ્રમાણ વચન ગુરુદેવ)